અપીલ અરજી નં.૨૩૩ તા.૨૮–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલા
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલાની તા.૧૭–૦૯–૧૦ની અરજીથી **Ps-No. 310,311 Pai F.P.242 Plot No. 317 B- 06-9387-0-001** વોર્ડનં.૧૭બી ૩૬, રાધાકૃષ્ણ સોસાયટી સદર મીલ્કતનો કોઈપણ ભાગ રીઝર્વેશન કે રસ્તારેખા હેઠળ કે કોઈ અન્ય પ્રકારે કપાતમાં હોય તો તેની ટુંકી સ્પષ્ટ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૮–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૩૩/૨૦૧૦–૧૧

શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલાની તા.૧૭–૦૯–૧૦ની અરજીથી **Ps-No. 310,311 Pai F.P.242 Plot No. 317 B-06-9387-0-001** વોર્ડ નં.૧૭બી ૩૬, રાધાકૃષ્ણ સોસાયટી સદર મીલ્કતનો કોઈપણ ભાગ રીઝર્વેશન રસ્તારેખા હેઠળ કે કોઈ અન્ય પ્રકારે કપાતમાં હોય તો તેની ટુંકી સ્પષ્ટ માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/ આરટીઆઈ/૪૨૦ તા.૧૨–૧૦–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા તથા નિર્દિષ્ટ વિસ્તાર–સ્થળના રીઝર્વેશન અંગેની હકીકત પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૯૧૭ તા.૧૧–૧૧–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને સામાન્ય રીતે મિલ્કત ખરીદ વેચાણ માલીક પાસેના ટાઈટલ અન્વયે થતાં હોય તેમની કક્ષાએથી મિલ્કતના માલિકી હકક ધારક કક્ષાએથી કોઈ વિગતો મેળવી હોય તો આધાર રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી જયારે અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા. ૧૭–૯–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૪૨૦ તા.૧૨–૧૦–૧૦ થી " ટીપી સ્કીમ નં.૧૩ (અડાજણ) ફા.પ્લોટ નં.૨૪૨ , રે.સ. નં.૩૧૦ ૩૧૧ માં આવેલ રાધા કૃષ્ણ સોસા.નો પ્લાન વેસ્ટઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં મંજુર થયેલ હોવાનું જણાતું નથી." તેવું જણાવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૮–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે (૧)માંગેલ માહિતીવાળી મિલ્કત મહાનગરપાલિકાના દફતરે નોંધાયેલ છે. (૨) સદર મિલ્કત ખરીદવા માંગીએ છીએ. (૩)વેસ્ટઝોન ધ્વારા ૩ માસથી તપાસ મુજબની માહિતી આપવામાં આવતી નથી. (૪) સચોટ માહિતી આપવાની જગ્યાએ અન્ય માહિતી અપાય છે. તેથી અપીલ કરવાની ફરજ પડી છે. (૫) મિલ્કત બાબતમાં કોઈ વિવાદ કે અન્ય પ્રશ્ન ઉપસ્થિત કરવા માંગતા નથી કે એવો કોઈ ઈરાદો નથી. (૬) સુમપા અને ગુજરાત સરકારની સ્પષ્ટતા મુજબ મિલ્કતના તમામ ટાઈટલ તેમજ બાંધકામ અંગેની કે તેના ઉપર કોઈ લાઈન દોરી યા રીઝર્વેશન હોય તો રસ્તારેખામાં હોય તો તે અમારા માટે અનિવાર્ય છે. તે અમારો અધિકાર છે અને જે તે વિભાગ જણાવવા તે બંધાયેલ છે તેવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને રાધા કૃષ્ણ સોસા. ના પ્લાનની રેકર્ડ આધારીત ચકાસણી કરતાં મંજુર થયેલ નથી તેવું જણાવેલ છે. અરજદારે રાધાકૃષ્ણ સોસા.ના ફા.પ્લોટ ૨૪૨ રે.સ. નં.૩૧૦,૩૧૧ ટીપી સ્કીમ નં.૧૩ ની રીઝર્વેશન રસ્તારેખા (એલાઈમેન્ટ) કે અન્ય કપાત અંગેની માહિતી માંગેલ છે. જે માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. સામાન્ય રીતે જો નગર રચના યોજના અમલમાં હોય તો સર્વે નંબર અનુસાર કે વિસ્તારની ઓળખ અનુસાર રસ્તા રેખાની કે યોજના અનુસરી દફતરી વિગતો હોવાને માનવાને કારણ છે. જે માહિતી આરટીઆઈ એકટની કલમ–૪(ડી) હેઠળ સ્વયં પ્રકાશિત કરવાની માહિતીમાં પણ સમાવિષ્ટ થાય છે. પરંતુ પ્લાન પાસની માહિતી આપેલ છે તેથી અરજદારે માંગેલ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે.

અત્રે એ પણ સુચક છે કે અરજદારે મિલ્કત ખરીદવાના ઈરાદે માહિતી માંગેલ છે સામાન્ય રીતે મિલ્કતના હયાત માલિકી હકક ધારક પાસે તેના ટાઈટલની તથા કાયદેસરતાના હકકોની વિગતો અનુમાનિત છે. અરજદારને તે અંગે અપીલ તબકકે પૃચ્છા કરી રજુ કરવા જણાવવા તક આપેલ પરંતુ તેમા તેઓ સફળ રહેલ નથી. પ્લોટ દીઠ આવી માહિતી માત્ર ટાઈટલ ધારક પાસે હોઈ ધ્વિપક્ષી દસ્તાવેજ ચકાસણી ખરીદનાર વેચનાર હકકોની માહિતી પૈકીનો આગ્રહ પણ અરજદારે જાહેર સત્તા મંડળ કક્ષાએ રાખેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૯–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી પૈકી નગર રચના યોજના અન્વયે માંગ્યા પૈકીની ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા તથા પ્લોટ દીઠ કે સોસાયટી દીઠની માહિતી નહીં પુરી પાડી શકવા ની કોઈ મર્યાદા હોય તો તે કારણ જણાવવા ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલા